
# રાત્રિ કરફ્યુમાં એક કલાક ઘટાડાયો

## ૮ મહાનગરોમાં રાત્રે ૧૧થી સવારે ૬ સુધી કરફ્યુ રહેશે : આગામી સાર્વજનિક ગણેશોત્સવમાં વધુમાં વધુ ૪ ફૂટની ગણેશ પ્રતિમા રાખવા દેવાની મંજૂરી : લગ્નમાં ૪૦૦ આમંત્રિતોને મંજુરી

ગાંધીનગર,તા.૨૮

મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીમાં કેટલાક મહત્વ પૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. આ નિર્ણયો અનુસાર રાજ્યમાં ૮ મહાનગરોમાં હાલ જે રાત્રિ કરફ્યુ અમલમાં છે તેની સમય મર્યાદા આગામી ૩૧ જૂલાઈ થી ૧ કલાક ઘટાડવામાં આવી છે. એટલે કે આ ૮ મહાનગરોમાં રાત્રિ કરફ્યુનો અમલ હાલ રાત્રીના ૧૦ થી સવારે ૬ વાગ્યા સુધીનો છે તે ૩૧ જૂલાઈથી રાત્રિના ૧૧ થી સવારે ૬ વાગ્યા સુધીનો રહેશે.

રાજ્યના આ ૮ મહાનગરોમાં હોટેલ અને રેસ્ટોરન્ટ રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે. રાજ્યમાં હાલ જાહેર સમારંભો ખુલ્લી જગ્યામાં યોજવામાં જે ૨૦૦ વ્યક્તિઓની મર્યાદા છે તે ૩૧ જૂલાઈથી વધારીને ૪૦૦ વ્યક્તિઓની કરવામાં આવી છે. આવા કાર્યક્રમોનું જો બંધ હોલમાં આયોજન કરવામાં આવ્યું હોય તો કુલ બેઠક ક્ષમતાના ૫૦ ટકા પરંતુ મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં અને કોરોના સંક્રમણ નિયંત્રણના નિયમોના સંપૂર્ણ પાલન સાથે આવા સમારોહ યોજવાના રહેશે. આગામી ગણેશોત્સવમાં સાર્વજનિક ગણેશોત્સવમાં વધુમાં વધુ ૪ ફૂટની ગણેશ પ્રતિમા રાખવા દેવાની મંજૂરીનો નિર્ણય આજે મળેલી કોર કમિટીમાં લેવામાં આવ્યો છે.



મન મોર બની થનગનાટ કરે... ચોમાસાની ઋતુમાં ધીમો ધીમો વરસાદ પડતો હોય, વાતાવરણ આહલાદક હોય ત્યારે અચૂક મનમાં આ ગીત સાંભળી આવે. ચોમાસાની ઋતુ રાષ્ટ્રીય પક્ષી મોરને ખૂબ પ્રિય હોય છે. ગરમી અને બફારાથી ત્રસ્ત થયેલા મોર ટહુકા કરી કરીને વાતાવરણને ગજવી દે છે તો વરસાદ આવતા જ એકદમ પ્રફુલ્લીત બનીને કળા કરવા લાગી જાય છે. શહેરમાં મોરની સંખ્યા સવિશેષ છે. ઘણા સેક્ટરોમાં મોર અને ઢેલ અવારનવાર જોવા મળી જાય છે. કળા કરતા મોર પણ ઘણા સ્થળોએ જોવા મળે છે.

# શહેરમાં ૧૪ ભંગારના વેપારીઓ અને ૮ બાંધકામ સાઈટના સંચાલકોને નોટીસ ફટકારાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરી મેલેરિયાતંત્રએ આજે ૨૨ જેટલી નોટીસો સર્વેલન્સ દરમ્યાન મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં આપી છે.

મળતી વિગતો પ્રમાણે શહેરી મેલેરિયાતંત્રએ આજે ભંગારનો વેપાર કરતા ૧૪ વેપારી અને ૮ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલોકને ચકાસણી દરમ્યાન મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં નોટીસ ફટકારી છે.

**ટીમોએ આજે ૭૬૮૦ જેટલા આવાસોમાં પણ ચકાસણી કરી હતી અને ૧૬,૨૪૦ જેટલા પાત્રો ચકાસ્યા હતા**

શહેરી મેલેરિયાતંત્રની ટીમો આજે ૧૭ જેટલા શાળા સંકુલોની ચકાસણી કરી હતી. જેમાંથી એક પણ બ્રિડીંગ ન મળતાં મચ્છર ફ્રી શાળાઓ જાહેર કરી હતી.

ટીમોએ આજે ૭૬૮૦ જેટલા આવાસોમાં પણ ચકાસણી કરી હતી અને ૧૬,૨૪૦ જેટલા પાત્રો ચકાસ્યા હતા. આ ચકાસણી દરમ્યાન ૩૪૮ પાત્રોમાંથી મચ્છરોના પોરા મળી આવ્યા હતા. આ પોરા મળી આવતાં તંત્રની ટીમોએ તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરી હતી.

ટીમોએ આજે બપોર બાદ ૧૯ જેટલી સરકારી કચેરીઓ, ૨૬ બાંધકામ સાઈટો તેમજ બે હોટલ અને બે ડેપોમાં ચકાસણીની કામગીરી શરૂ કરી હતી જે કાલે પણ ચાલુ રહેશે.

શહેરમાં વધતા જતા વાહકજન્ય રોગચાળાના કેસોને પગલે સરકારે ૧૪ જેટલી વેક્ટર કંટ્રોલ ટીમોની આઉટ સોર્સિંગથી ભરતી કરી સર્વેલન્સ સઘન બનાવવા માટે સૂચનાઓ આપી હતી. મનપા દ્વારા આ ટીમોની ભરતી કરી અને સઘન સર્વેલન્સની કામગીરી છેલ્લા ચારેક દિવસથી હાથ ધરવામાં આવી છે.

મેલેરિયાતંત્રની ટીમોએ અગાઉ પણ સર્વે કરી અને ૧૩૦૦ જેટલા સાદા તાવના કેસો શોધી કાઢ્યા હતા જે નોંધનીય છે. શહેરની હદ વધતાં તંત્રની કામગીરીમાં પણ વધારો થવા પામ્યો છે.

શહેરમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યુ છે પણ વાહકજન્ય રોગચાળાના કેસો ઝડપથી વધુ રહ્યા છે એટલે સઘન સર્વેલન્સ પર ભાર મુકી અને સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી હાથ ધરવામાં આવી છે. શહેરમાં વરસાદી પાણી ભરાઈ રહેવાની ફરિયાદો વધી છે તેમજ મચ્છર ઉત્પત્તિ માટે સાનુકૂળ વાતાવરણ હોવાથી તંત્રને આગામી દિવસોમાં આકરા પગલાં લેવા પડશે તેમ મનાઈ રહ્યું છે.

# ગ્રામ્ય વિસ્તારની પાંચ શાળાઓમાં મચ્છરોના બ્રિડીંગ મળતાં નોટીસ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાની મેલેરિયા શાખાએ આજે પાંચ જેટલા શૈક્ષણિક સંકુલોમાંથી મચ્છરોના ભારે બ્રિડીંગ મળી આવતાં સંચાલકોને નોટીસ થમાવી દીધી છે.

જિલ્લા મેલેરિયાતંત્રની ટીમો દ્વારા આજે ત્રીજા દિવસે જિલ્લામાં ૫૧૧ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લઈ ૫૪૬ કેમ્પસ, ૬૩૮ ધાબા, ૬૧૯ ઓવરહેડ ટેન્ક તથા ૨૦૪૯ અન્ય પાત્રોની મળી કુલ ૩૮૫૨ જેટલા મચ્છર ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી હાથ ધરી હતી.

જિલ્લા મેલેરિયાતંત્રની ટીમો દ્વારા ચકાસણી દરમ્યાન ૧૪૬ સ્થાનો પર મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા જ્યાં તંત્રની ટીમો દ્વારા પોરાનાશક અને એન્ટી લારવેલની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પાંચ જેટલા શૈક્ષણિક સંકુલોમાંથી મચ્છરોના ભારે બ્રિડીંગ મળી આવતાં સંચાલકોને તંત્રની ટીમ દ્વારા નોટીસ આપવામાં આવી છે.

જિલ્લા મેલેરિયાતંત્રના ૧૨૦૦થી વધુ કર્મચારીઓ દ્વારા સર્વેલન્સની કામગીરી એક સપ્તાહ સુધી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ગ્રામ્યવિસ્તારમાં અત્યાર સુધીમાં ૧૦ થી વધુ મેલેરિયાના કેસો મળી આવ્યા છે.

જિલ્લાને ૨૦૨૨ સુધીમાં મેલેરિયામુક્ત કરવાનો સંકલ્પ જે રાજ્ય સરકારે કર્યો છે તે અભિયાન અંતર્ગત આ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. મચ્છરોની ઉત્પત્તિ માટે હાલ સાનુકૂળ વાતાવરણ હોઈ સર્વેલન્સની સાથે સાથે મેલેરિયાથી બચવા શું કરવું, મચ્છરોની ઉત્પત્તિ અટકાવવાના સરળ ઉપાયો બતાવી જન-જાગૃતિ અભિયાન પણ ચાલી રહ્યુ હોવાનું તંત્રએ દાવો કર્યો છે.

ગ્રામીણ વિસ્તારમાં હજુ પણ બે દિવસ સુધી સઘન સર્વેલન્સ ચાલુ રહેશે તેમ પણ જાણવા મળેલ છે.

# કોંગ્રેસમાં કકળાટ : જિલ્લા પંચાયતના સદસ્ય શનાભાઈ પટેલનું રાજીનામુ

## પ્રદેશ પ્રમુખને રાજીનામાનો પત્ર આપતાં જિલ્લામાં રાજકારણ ગરમાયું જિલ્લા સંગઠન અને ચૂંટાયેલી પાંખ વચ્ચે તણાવ : પ્રમુખ સહિત પક્ષ વિરોધી તત્વો સામે પગલાં લેવાની માંગ તીવ્ર બની રહી છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં છાલા બેઠક પરથી વિજયી થયેલા શનાભાઈ પટેલ (ચૌધરી)એ આજે તેમના સભ્યપદેથી રાજીનામુ આપતો પત્ર પ્રદેશ પ્રમુખ અમીત ચાવડાને સુપ્રત કર્યો છે.

પટેલે તેમના આ પત્રમાં જણાવ્યુ છે કે પંચાયતોની ચૂંટણી પછી અમે વારંવાર પક્ષમાં રજુઆતો કર્યા પછી પણ પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરનારાઓ સામે પગલાં લેવામાં આવતા નથી. આને કારણે અમો પક્ષમાં કાર્યકર્તા કે પંચાયતના સદસ્ય તરીકે સારી રીતે કામગીરી પણ કરી શકતા નથી. આથી થાકી હારી અને અમે પક્ષના કાર્યકર્તા તરીકે અને પંચાયતના સદસ્ય તરીકે રાજીનામુ આપીએ છીએ તો આપને તે મંજૂર કરવા વિનંતી છે.

જિલ્લા કોંગ્રેસમાં ચાલી રહેલી જૂથબંધી એટલી ચરમસીમાએ પહોંચી છે કે હવે પંચાયતના ચૂંટાયેલા સદસ્યોને પણ કામગીરી કરવામાં અવરોધ ઉભા થઈ રહ્યા છે.

પંચાયતની ચૂંટણી ટાણે પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનારાઓની યાદી આપ્યા પછી પણ તેમની સામે કોઈ જ પગલાં લેવામાં ના આવતાં આ રાજીનામાનો સિલસિલો આરંભાયો છે.

પંચાયતની ચૂંટણી ટાણે પક્ષમાં ટિકિટોની વહેંચણી અને ચૂંટણીની ટિકિટોના વેચાણની વાતો બહુ જ ગાજી હતી પરંતુ પ્રદેશ એકમે તે વેળાએ તેને દબાવી દીધી હતી જો કે હવે મામલો ફરી ઉછળ્યો છે.

જિલ્લા સંગઠન અને ચૂંટાયેલી પાંખ વચ્ચે પહેલા પણ સંકલનનો અભાવ હતો અને હજુ પણ આ અભાવ સતત વધી રહ્યો છે. સગઠ્ઠન દ્વારા ચૂંટાયેલી પાંખના સદસ્યોને કોઈ કાર્યક્રમમાં બોલાવતા નથી અથવા તેમને સન્માન જે મળવુ જોઈએ તે આપવામાં આવતુ નથી આથી કોંગ્રેસમાં ભારે અસંતોષ ઉભો થયો છે.

જિલ્લા પ્રમુખને બદલવા માટે પંચાયતમાં સત્તા પર પક્ષ હતો ત્યારથી માંગણીઓ કરવામાં આવી હતી પરંતુ પ્રદેશ નેતાગીરીએ આ વાત કાને ધરી ન હતી અને ૧૫ વર્ષથી પણ વધુ સમયથી સત્તા પર રહેલ કોંગ્રેસને પરાજયનો સામનો કરવાનો વખત આવ્યો છે.

શનાભાઈ પટેલ (ચૌધરી) ગાંધીનગર તાલુકામાંથી કોંગ્રેસના

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં રીક્ષા સ્ટેન્ડની જગ્યા નિયત ન થતાં માર્ગ સલામતી સામે જોખમ

## આ મામલે અગાઉ પણ માર્ગ મકાન વિભાગને પત્ર લખી રીક્ષા સ્ટેન્ડ માટે પોઇન્ટ નિયત કરવા સુચવાયું હતું

ગાંધીનગર તા ૨૮

શહેરમાં રીક્ષા સ્ટેન્ડ માટે જગ્યા નિયત થઈ નથી પાંચ દાયકા બાદ પણ નગરના મુખ્યમાર્ગો પર વિવિધ ઠેકાણે રીક્ષાઓ આડેધડ પાર્ક થયેલી જોવા મળે છે. ટ્રાફિક સિગ્નલ કાર્યરત થયા બાદ પણ હજુ સુધી વિવિધ માર્ગો પર રીક્ષાના સ્ટોપ માટે પોઈન્ટ નિયત કરાયા નથી. માર્ગ મકાન વિભાગ કક્ષાએથી આ મામલે ત્વરિત આયોજન થાય તેવી માંગ પણ પ્રબળ બની છે.

શહેરમાં પાંચ દાયકાના અંતે પણ મુખ્યમાર્ગો પર વચાળે રીક્ષા સ્ટેન્ડ થયેલી જોવા મળે છે. રીક્ષા સ્ટેન્ડ માટે જગ્યા નિયત કરવા માટે અત્યાર સુધી અનેકવાર રજુઆતો થઈ છે. આમછતા હજુ સુધી રીક્ષા સ્ટેન્ડના પોઈન્ટ આખરી થયા નથી. જેના લીધે શહેરના મુખ્યમાર્ગો પર સર્કલ નજીક ફુટપાથ પાસે જ રીક્ષાઓ ઉભી થઈ જતા માર્ગ સલામતી માટે જોખમી સ્થિતિ ઉભી થાય છે. અનેકવાર માર્ગ વચાળે ઉભી રહી જતી રીક્ષાના લીધે અકસ્માત થયા હોવાના પણ કિસ્સા સામે આવ્યા છે. શહેરના માર્ગો આસપાસ ફુટપાથ નિર્માણ વેળાએ પણ રીક્ષા સ્ટેન્ડ માટે નિયત જગ્યા નક્કી કરવાનો મુદ્દો ઉભો થયો હતો જયારે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી આ માટે જે તે સમયે રીક્ષા સ્ટેન્ડ માટે પોઈન્ટ પણ નક્કી કરાયા હતા પરંતુ સમય જતા આ મુદ્દો સદંતર વિસરાતા હાલની સ્થિતિએ પણ સ્માર્ટ બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં મુખ્યમાર્ગો વચ્ચે તેમજ ફુટપાથ પર આડશ બને તે રીતે રીક્ષાઓ ઉભી થઈ જાય છે. કોર્પોરેશન તેમજ ટ્રાફિક પોલીસ સાથેની બેઠક દરમિયાન પણ અનેકવાર રીક્ષા સ્ટેન્ડ માટે પોઈન્ટ નક્કી કરવા માટે રજુઆથ થઈ છે.

કોર્પોરેશને આ અંગે માર્ગ મકાન વિભાગને પણ અગાઉ પત્ર લખી જણાંવ્યુ હતુ પરંતુ હજુ સુધી આ મામલે કાંઈ થયુ નથી હાલની સ્થિતિએ શહેરમાં ટ્રાફિક સિગ્નલ કાર્યરત છે. જયારે મુખ્યમાર્ગો પર ગતિ નિયંત્રણ જાળવવા માટે પણ બોર્ડસ લાગી ગયા છે. પરંતુ ટ્રાફિક સિગ્નલ કાર્યરત થયા બાદ પણ રીક્ષા સ્ટોપનો મુદ્દો હજુ અધ્ધરતાલ છે. જેના લીધે મુખ્યમાર્ગો તેમજ સેકટરોમાં અવરજવર કરતા ટ્રાફિક માટે અનેકવાર અડચણો ઉભી થાય છે.

આ સ્થિતિ વચ્ચે ગમે ત્યારે માર્ગ સલામતી પણ જોખમાય છે. શહેરમાં રીક્ષા સ્ટેન્ડના પોઈન્ટ નિયત કરવા માટે અગાઉ શહેર વસાહત મહામંડળ દ્વારા પણ અનેકવાર રજુઆત કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી આ અન્વયે કોઈ આયોજન કરાયુ નથી.

# આકાશી નઝારો યથાવત : વરસાદ અદ્રશ્ય છતા મોસમ લવલી

## આકાશમાં રોજ અંગડાઇ લેતા વરસાદી વાદળો વચ્ચે નગરની હરિયાળી નિખરી : મેઘરાજાના મંદ મિજાજથી નગરજનો નારાજ : સિઝનનો માંડ સાડા પાંચ ઇંચ વરસાદ



ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરના આકાશમાં ઘટાટોપ વાદળોનો ઘેરાવ આંખોને ઠંડક આપે છે. આકાશી નઝારો નિખરતા શહેરનુ વાતાવરણ હીલ સ્ટેશન જેવુ બની ગયુ છે. મેઘરાજાનો નિરસ મિજાજ સૌ કોઈની નારાજગીનુ કારણ બન્યો છે ત્યારે વરસાદની ગેરહાજરી વચ્ચે રોજબરોજ નગરજનો લવલી મોસમનો લુફ્ત ઉઠાવી રહ્યા છે.શહેરમાં અત્યાર સુધી સિઝનનો માત્ર સાડા પાંચ ઈંચ વરસાદ થયો છે.

ગાંધીનગરના આકાશમાં અષાઢી નઝારો આંખોને ઠંડક આપી રહ્યો છે. રોજબરોજ નભમાં ગોરંભાતા વરસાદી વાદળોના લીધે શહેરમાં હીલ સ્ટેશનનો માહોલ સર્જાયો છે. લવલી મોસમનો લુપ્ત ઉઠાવતા નગરજનો પણ ગરમીમાં રાહત અનુભવી રહ્યા છે.પરંતુ વરસાદ નથી આવતો તે વાત સૌ કોઈને ખુંચી રહી છે. આભમાં જોર પકડતા અષાઢી

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધુ બે કેસ

## સે. ૭ અને રાંદેસણમાંથી કેસ મળ્યા : જિલ્લામાં હાલ ૧૦ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના બે કેસ મળી આવેલ છે. જો કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી એક પણ કેસ મળી આવેલ નથી.

શહેરમાં આજે બે કેસ મળી આવ્યા છે. એક દિવસ બાદ આજે બે કેસ મળી આવતાં તંત્ર સતર્ક

● અનુસંધાન પાન-૭ પર

# વેક્સિનના બીજા ડોઝ માટે ૧લી ઓગષ્ટે ખાસ અભિયાન

ગાંધીનગર, તા. ૨૮

આગામી ૧લી ઓગષ્ટના રોજ કોરોના વેક્સિનેશન અભિયાનમાં માત્ર બીજો ડોઝ લેનારા લાભાર્થીઓને જ વેક્સિન આપવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા ૧લી ઓગષ્ટના રોજ જે લોકોને કોવિશિલ્ડ વેક્સિનના પ્રથમ ડોઝને ૮૪ દિવસ પૂર્ણ થયા છે અને કોવિક્સન વેક્સિનના ૨૮ દિવસ પુરા થયા છે તેમના માટે ખાસ ઝુંબેશરૂપે આ દિવસની પસંદગી કરવામાં આવી છે.

ઘણા બધા જિલ્લાઓમાં વેક્સિનેશન અભિયાનમાં માત્ર પ્રથમ ડોઝ જ અપાઈ રહ્યો છે અને બીજા ડોઝનો ઈન્કાર કરવામાં આવતો હોવાની ફરિયાદને પગલે સરકારે આ મહત્વનો નિર્ણય કર્યો છે. આ વિશેષ અભિયાનને લઈ રાજ્યના મુખ્ય સચિવે આજે જિલ્લાઓ સાથે ખાસ વિડીયો કોન્ફરન્સ યોજી અને માર્ગદર્શન આપ્યુ છે.

રાજ્યભરમાં વેક્સિનનો પ્રથમ ડોઝ આપવાની કામગીરી ૮૦ ટકાને પાર કરી ગઈ છે પણ બીજો ડોઝ આપવાની કામગીરી ધીમી ચાલી રહી હોવાથી પણ આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.


**પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. નાનાલાલ મહાદેવભાઈ મહેતા**

સ્વ. તા. ૨૯-૭-૨૦૧૬

વટવૃક્ષ સમાન વિશાળ પરિવારને સંપ, સહકાર અને સત્યતાનો માર્ગ બતાવનાર, જીવનની સુમધુર સુવાસ ફેલાવનાર એવા પરોપકારી સ્વભાવ ધરાવતા આપને, અમો કદી નહી ભૂલી શકીએ... પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લિ.

શરદભાઈ નાનાલાલ મહેતા જગદીશભાઈ નાનાલાલ મહેતા

શૈલેશભાઈ નાનાલાલ મહેતા

ફર્મ :- સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ, સેક્ટર-૨૪, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com